**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૩.૩ ડીગ્રી
ભેજ
સવારે ૪૭ ટકા ● સાંજે ૨૬ ટકા

# બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮ દ્વારા મહાશિવરાત્રી શિવજયંતી મહોત્સવની ઉજવણી







ગાંધીનગર, તા. ૧૮

નૈતિક, સામાજિક અને આધ્યાત્મિક ઉત્થાન માટે કાર્યરત પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા સમગ્ર ગુજરાતમાં 'અખિલ ગુજરાત શિવજયંતી મહોત્સવ' મનાવવામાં આવી રહેલ છે. જે અંતર્ગત બ્રહ્માકુમારીઝ, સેકટર.૨૮, ગાંધીનગર ખાતે તા.૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૩, શનિવારે સવારે મહાશિવરાત્રી–૮૭મી શિવજયંતી મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. બ્રહ્માકુમારીઝ ગાંધીનગરના મિડિયા સંયોજક ભરત શાહના જણાવ્યાનુસાર પરમપિતા પરમાત્મા શિવનું ભારતની પાવન ભૂમિ પર ૧૯૩૭માં પ્રજાપિતા બ્રહ્માના તનમાં થયેલ દિવ્ય અવતરણની યાદગાર જ મહાશિવરાત્રી-૮૭મી ત્રિમૂર્તિ શિવજયંતી છે. તેના ઉપલક્ષમાં આયોજીત ફંકશનમાં સવારે રાજયોગ અને મુરલી ક્લાસ બાદ પરમપિતા પરમાત્મા શિવબાબાને વિશેષ ભોગ અર્પણ કરવામાં આવેલ. તતપશ્ચ્યાત ઉપસ્થિત મહાનુભાવોનુ આત્મ સ્મૃતિ તિલક અને પુષ્પ ગુચ્છથી સ્વાગત અભિવાદન કરવામાં આવેલ.અને મંચસ્થ મહાનુભાવો દ્વારા કેડલ લાઈટિંગ સહ કેક કટીંગ કરવામાં આવેલ. આ પ્રસંગે ગાંધીનગરના ધારાસભ્ય ભગિની રીટાબેન પટેલ, સેકટર.૨૮ કોર્પોરેટર ભગિની સોનાલીબેન તથા દીપિકાબેન, પૂર્વ કોર્પોરેટર ભગિની હર્ષાબા ધાંધલ, કેપિટલ ઓફસેટ્સ અને કેપિટલ વર્તમાન દૈનિકના માલિક ભ્રાતા રમેશભાઈ પટેલ, પૂર્વ ફોરેસ્ટ અધિકારી અને ઉધ્યોગપતિશ્રી દિનેશભાઈ ચાવડા, ઓમશાંતિ સ્કૂલના માલિક અને મોરબી સમાજ સેવાકેન્દ્ર સંચાલક ભ્રાતા ઠાકરસી ભાઈ પટેલે આ પ્રસંગે શાબ્દિક અને મુક શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે આદરણીય કૈલાશ દીદીજીએ સૌ મહેમાનો સાથે મળી પરમપિતા પરમાત્મા શિવ બાબાનો ધ્વજ લહેરાવેલ. ત્યારબાદ ઉપસ્થિત સૌ બ્રહ્માકુમાર ભાઈ બહેનો ને દીદીજીએ સ્વપરિવર્તન, વિશ્વ પરિવતન અને વૈશ્વિક શાંતિ માટે વિશેષ પ્રતિજ્ઞા લેવડાવી હતી. ત્યારબાદ આદરણીય દીદીજીએ, ભગિની રીટાબેન પટેલ સાથે સૌ મહેમાનોની ઉપસ્થિતિમાં ટ્રેક્ટરમાં શણગારેલ મોતીમાંથી બનાવેલ નિરાકાર શિવ પરમાત્માના શિવલીંગની પૂજા અર્ચના કરી આરતી ઉતારેલ. રથમાં બનાવેલ શંકર પાર્વતી અને ગણેશની ચૈતન્ય ઝાંખી, શિવ પરમાત્માની ઝાંખી સહિત ૨૫ ફોર વ્હીલર્સ અને ૧૯ ટુ વ્હીલર્સમા સવાર બ્રહ્માકુમાર ભાઈ બહેનો સાથે પરમાત્મા શિવનું દિવ્ય અવતરણ ભારતની પાવન ભૂમી પર થઈ ગયુ છે તે સદેશ જન જનને પહોંચડવા વ્હીકલ શોભાયાત્રાને લીલી ઝંડી બતાવી સેકટર.૨૮ થી ૨૯,૩૦,૨૧,૨૨,૨૩,૨૪,૨૫ અને પરત ૨૮ની રેલીને પ્રસ્થાન કરાવેલ. આ શોભાયાત્રા સેકટર.૨૯ પહોંચતા મસ્જિદ તરફથી સ્વાગત અભિવાદન કરી કોમી એકતાનું ઉદાહરણ પુરુ પાડી સંદેશ આપેલ કે 'મજહબ નહી શિખાતા આપસ મેં વેર રખના'. સાથે સાથે જલારામ મંદિર દ્વારા પણ રેલીનુ સ્વાગત કરવામાં આવેલ. રેલી સેકટર.૩૦ માં ઝુલેલાલ મંદિર, સેકટર.૨૧માં લકી જ્વેલર્સ, સેકટર.૨૨માં જયંબે સ્વીટ માર્ટ અને કાલુભાઈ પટેલ, સેકટર.૨૩માં અરવિંદ કેંદ્ર, શ્રીજી જ્વેલર્સ અને ધન લક્ષ્મી તથા સેકટર.૨૪માં ચંદ્ર ફોટો સ્ટુડિઓ દ્વારા પૂજા અર્ચના, પુષ્પ અર્પણ તથા સ્વાગત અભિવાદન કરવામાં આવેલ. રેલી ૩,૦૦૦ પર્ચાઓ વહેંચી પરમાત્માનો સંદેશ મહાશિવરાત્રીના આજના પાવન પર્વ પર ગુંજતો કરેલ અને તા.૨૧, ૨૨ અને ૨૩ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ (૧) સવારે ૮ થી ૯, (૨) સાંજે ૪ થી ૫ અને (૩) રાત્રે ૮ થી ૯ દરમ્યાન બ્રહ્માકુમારી, શોપીંગ સામે, સેકટર.૨૮, ગાંધીનગર ખાતે આયોજિત સહજ રાજયોગનુ આદરણીય કૈલાશ દીદીજીએ ખાસ નિમંત્રણ પાઠવ્યું હતું.





બ્રહ્માકુમારી સેવા કેન્દ્ર પેથાપુર દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે બરફના અમરનાથ દર્શન સોમનાથ દર્શન તથા આત્મખોજ પ્રદર્શનનો આયોજન કરવામાં આવ્યું હતુ જેનું ઉદ્‌ઘાટન કોર્પોરેટર દિપ્તીબેન, પારુલબેન તથા અનિલસિંહભાઈ તેમજ બિલ્ડર રમેશભાઈ, ઉદયસિંહભાઈ તથા રામભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું.



સેક્ટર ઉન્યૂ ગાંધીનગર ખાતે થી મેયર હિતેશભાઈ મકવાણા તથા વોર્ડ ૯ ના કોર્પોરેટર રાજુભાઈ પટેલ દ્રારા મહિલા ભજન મંડળ ની ૫૬ જેટલી બહેનો તથા વસાહતી ભાઈ બહેનો ને તેમની ગ્રાન્ટ માંથી અંબાજી ખાતે યોજાયેલ ૫૧શક્તિપીઠ દર્શન તા ૧૬ ગુરુવારે સગવડયુક્ત પ્રવાસ કરવી માં ની કૃપા મેળવી હતી.

# પર્યાવરણનું ધ્યાન 'નો પ્લાસ્ટિક અભિયાન' સ્વચ્છતાનાં યોદ્ધાઓ જી-૨૦ અંતર્ગત કાર્યક્રમ





ગાંધીનગર, તા. ૧૮

ગૂજરાત વિધાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા જી ૨૦ અંતર્ગત કાર્યક્રમ અને માનનીય રાજયપાલશ્રીનાં આહવાન આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત અમૃત મહોત્સવમાં યુવાઓનું સંકલ્પ શ્રેષ્ઠ ભારતના પાંચ પ્રકલ્પ અંતર્ગત સંસ્થા પરિસરમાં "નો પ્લાસ્ટિક ઝુંબેશ" સ્વચ્છતાના યોદ્ધાઓ બનાવી અભિયાન ચલાવવામાં આવ્યું છે જેમાં રાસેયોનાં ૧૦ – ૧૦ સ્વયંસેવકની ટુકડી નિયમિત પ્લાસ્ટિક અને સ્વચ્છતાનું ધ્યાન રાખશે અને પરિસરમાં પણ કોઈ જગ્યા ગંદકી ન હોય તેનું પણ ખ્યાલ રાખશે રોજ નિયમિત એક કલાક સફાઈની કામગીરી કરશે અને આ બધાજ સ્વય સેવાકો સ્વચ્છતાનાં યોદ્ધાઓ તરીકે ફરજ બજાવશે તેમના લીડર તરીકેની જવાબદારી શ્રી પ્રતિક ભટ્ટ, શ્રી ખંજન મકવાણા અને શ્રી ચિરાગ ઓડને સોપવામાં આવી છે ગ્રીન કચરામાંથી સજીવ ખાતર બનાવવામાં આવશે તેના માટે ગ્રીન કચરાન ૧૨ બાય ૪ ફૂટન ખાતરનાં બેડ બનાવવામાં આવ્યા છે જેના પર માટી અને ગાયનાં છાણનો ઉપયોગ કરી જૈવિક ખાતર બનાવવામાં આવશે આ કાર્યક્રમમાં ડૉ અરવિંદ ભાઈ રામી અને ડૉ. વિજય ભાઈ મકવાણાની વિશેષ કામગીરી રહી છે ડીનશ્રી તરીકે ડૉ. જગદીશચંદ્ર સાવલિયાએ સ્વય સેવકોને જરૂરી માર્ગદર્શન અને પ્રોત્સાહન આપ્યું હતું કાર્યક્રમમાં મેન્ટરની ભૂમિકા સંસ્થાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ. નીરજ સિલાવટની રહી હતી


# ચૌધરી મહિલા આર્ટસ કોલેજના પ્લેસમેન્ટ સેલ અંતર્ગત સ્કીલ ડેવલપમેન્ટ પર વ્યાખ્યાન

ગાંધીનગર, તા. ૧૮

પી. કે. ચૌધરી મહિલા આર્ટ્સ કોલેજના ઉદીશા પ્લેસમેન્ટ સેલ અંતર્ગત કૉલેજની વિદ્યાર્થીનીઓ માટે સ્કીલ ડેવલપમેન્ટ ઉપર વ્યાખ્યાન યોજાયું. કોલેજના આચાર્ય ડૉ. એમ. એમ. ચૌધરી દ્વારા સ્વાગત પ્રવચનમાં ઉપસ્થિત મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાં ગાંધીનગર એલ.આઈ.સી. બ્રાન્ચના ડેવલપમેન્ટ ઓફીસર મનોજ પાત્રા દ્વારા વિદ્યાર્થીઓને જુદા જુદા ક્ષેત્રોમાં સ્કીલ ડેવલપ કરવા પોતાની જાતને કેવી રીતે સક્ષમ કરવી વિષય પર રસપ્રદ વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન પ્લેસમેન્ટ સેલ કો. ઓર્ડીનેટર પ્રા. પ્રતિમા છનિયારા તથા સહ કૉ. ઓર્ડીનેટર પ્રા. મુન્નાબેન ચૌધરી દ્વારા કરવામાં આવ્યું હતું.

# મેટ્રોની કામગીરીના કારણે ઝેવિયર્સ પાસે ટ્રાફિક જામના દશ્યો

## મેટ્રો પ્રોજેક્ટની કામગીરી ચ-૩થી આગળ વધીઃ ઝેવિયર્સ સ્કૂલ પાસે મોટા પાયે કામગીરી શરૂ કરાતા દરરોજ અહીં ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે



ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર શહેરમાં મેટ્રો ટ્રેનની કામગીરીને આગળ વધારવામાં આવી છે. ચ-૩થી પોલીસ ભવન સુધીના રૂટની કામગીરી શરુ કરાતા ઠેર ઠેર પતરા લગાવાયા છે. જેના કારણે આ રોડ પર દરરોજ ટ્રાફિક જાના દશ્યો સર્જાય છે.

આગામી વર્ષે વાયબ્રન્ટ સમિટ વખતે ગાંધીનગર શહેરમાં મેટ્રો દોડતી થઈ જાય તે આયોજન સાથે મેટ્રો રેલ કોર્પોરેશન આગળ વધી રહ્યું છે. મેટ્રો ટ્રેનની કામગીરી મોટેરા સુધી પૂર્ણ થઈ ચૂકી છે. ત્યાંથી ગાંધીનગર શહેર સુધી અને ગાંધીનગર શહેરમાં ટ્રેક નાંખવાની કામગીરી છેલ્લા ઘણા સમયથી પૂરજોશમાં ચાલી રહી છે. ઘણા સ્થળોએ ટ્રેક નંખાઈ ગયા છે તો કયાંક માત્ર ફિનિશિંગનું કામ બાકી છે.

વળી શહેરમાં હજુ ચ-રોડ પર કેટલાક સ્થળોએ કોલમ માટેનાં થાંબલના પાયા ખોદવામાં આવી રહ્યા છે. ચ-૩થી પોલીસ ભવન સુધીના રૂટના પાયા ખોદવાનું કામ છેલ્લા કેટલાક દિવસોથી શરુ કરાયું છે. સેકટર-૮માં સેન્ટ ઝેવિયર્સ સ્કૂલની સામેના રોડ નં. ૩ પર હાલ પાયા ખોદવાનું કામગીરી ચાલી રહી છે. આ કામગીરીના કારણે અહીં ઠેર ઠેર બેરીકેટ્સ લગાવાયા છે અને આડશ ઊભી કરવામાં આવી છે. રોડ નં.૩ પર કામગીરી શરુ કરતા પહેલા તેને થોડો પહોળો કરાયો હતો તેમ છતાં આ રોડ પર મેટ્રોની કામગીરીથી ટ્રાફિક જામના દશ્યો સર્જાય છે. ખાસ કરીને શાળા શરુ થવાના અને છૂટવાના સમયે અહીંથી પસાર થવું મુશ્કેલ બને છે. વળી આ રોડની આસપાસ કેન્દ્ર સરકારની અને રાજય સરકારની અનેક કચેરીઓ આવેલી હોવાથી ઓફિસ ટાઈમે પણ અહીં ખૂબ ટ્રાફિક જોવા મળે છે.



ગાંધીનગર શહેર વસાહત મહામંડળ તથા ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા પૂ. રવિશંકર મહારાજના જન્મદિવસે વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઘ-પાંચ સર્કલ સ્થિત પૂ. રવિશંકર મહારાજની પ્રતિબાને પુષ્પાજંલિ અર્પણ કરવામાં આવી હતી.



**મૂક બધિર બાળકો રાષ્ટ્રીય વોલીબોલ સ્પર્ધામાં વિજેતા બન્યા...**

ઈન્દોર ખાતે યોજાયેલ અન્ડર-૧૮ મૂક બધિર બાળકોની નેશનલ વોલીબોલ સ્પર્ધામાં સમર્પણ મૂક બધિર શાળા, ગાંધીનગરના ૬ બાળકોને સમાવતી ગુજરાતની ટીમ કાંસ્ય પદક મેળવી વિજેતા બની છે. તમામ બાળકોને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# જન્મદિને વધામણી



**બિપીન રાવલ**
કારોબારી સભ્ય,
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મેનેજિંગ ટ્રસ્ટી,
શાંતિનિકેતન સ્કૂલ
મો. ૯૪૨૯૪ ૩૭૫૭૫



**તન્વી મુંજાલ રાવલ**
મો. ૯૯૭૮૯ ૬૭૮૦૯



**પ્રણવ અમૃત ચૌધરી**
મો. ૯૮૨૫૧ ૭૨૧૮૧



**આર્યન જનકભાઈ પટેલ**
મો. ૯૮૭૯૬ ૮૭૨૭૬

# બહ્માકુમારીઝ વિદ્યાલય સેક્ટર-૩ના સેવા કેન્દ્ર દ્વારા શિવ જ્યંતિની ભવ્ય ઉજવણી

ગાંધીનગર, તા. ૧૮

મહાશિવરાત્રીન પાવન પર્વ નિમિત્તે બહ્માકુમારીઝ ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય સેક્ટર ૩ ના સેવા કેન્દ્ર બી.કે. ભાઈ બહેનોએ સેવા કેન્દ્રના બી કે ભાઈ બહેનોએ સેવા કેન્દ્ર ના સંચાલિકા બી. કે. સુનિતા દીદીના માર્ગદર્શન હેઠળ ૮૭ મી શિવજ્યંતિની ભવ્ય ઉજવણી કરી આ કાર્યક્રમમાં ગાંધીનગર દક્ષિણ વિસ્તારના માનનીય ધારા સભ્ય શ્રીમતી રીટાબેન પટેલ મુખ્ય મહેમાન અને હીરા જડીત સોમનાથ મહાદેવની ઝાંખીના મુખ્ય ઉદ્‌ગાટક તરીકે હાજર રહ્યા ધરાસભ્ય શ્રીએ પોતાના ઉદ્‌બોધનમાં આત્મના કલ્યાણ વિસે જાહેર જીવનમાં સુચારૂ જીવન જીવવા, પર્યાવરણની જાળવણી વિગેરે બાબતો ઉપર ભાર મુક્યો, તથા સેવાકેન્દ્ર ના સંચાલિકા સુનિતા દીદી એ તેમના વકતવ્યમાં જણાવ્યું કે પરમાત્મા પરમધામ નિવાસી પ્રજાપિતા બ્રહ્માના સાકાર માધ્યમ દ્વારા પુનઃ ગીતાજ્ઞાન સંભળાવી રાજયોગના અભ્યાસ દ્રરા પતિત સૃસ્ટીને પાવન બનાવવાનું મનુષ્યમાંથી દેવતા બનાવવાનું કર્તવ્ય કરી રહ્યા છે.

# ચિરવિદાય

● મુક્તિધામ ●

- સ્વ.વાઘેલા કિશોરસિંહ પૃથ્વીસિંહ, ઉ.વ.૪૫, પીંડારડા
- સ્વ.બારોટ મધુબેન ગાંડાલાલ, ઉ.વ.૮૭, ગાંધીનગર
- સ્વ.પટેલ અરવિંદભાઈ શિવાભાઈ, ઉ.વ.૬૦, પેથાપુર